<u>ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૨૬.</u>

<u>જેતપુરના મહે.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, મુકામઃ– જેતપુર.</u>

<u>આંક–૦૧ તળે હુકમ.</u>

ફરિયાદીઃ– શ્રી સરકાર.

//વિરુદ્ધ//

આરોપીઃ– ઈલીયાશ ઉર્ફે ઈલુ ગનીભાઈ રફાઈ.

<u>ગુનોઃ– જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબ.</u>

૧. આ કામે આરોપી વિરુદ્ધ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો ગુનો નોંધાયેલ છે. જે અંગેનું ચાર્જશીટ આ અદાલતમાં રજૂ થયેલ છે. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેને તપાસના તમામ દસ્તાવેજોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ છે.

૨. આરોપી આ અદાલતમાં પોતાને તેના વિરુદ્ધનો હાલનો ગુનો કબૂલ હોવાની સ્વૈચ્છીક કબૂલાત રજૂ કરેલ છે, જેની તમામ હકીકતો લક્ષમાં લીધેલ છે. આરોપીની વધુમાં રજૂઆત છે કે, તે પોતે ગરીબ છે, કુટુંબની સંપૂર્ણ જવાબદારી તેના પર છે, તેનો આ પ્રથમવારનો ગુનો છે અને ભવિષ્યમાં આવા ગુના કરશે નહિ અને આરોપીએ ઓછી સજા કરવાનું તથા ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

૩. નામદાર વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, *સ્ટેટ ઓફ ગુજરાત* વિરુદ્ધ *નટવર હરીચંદ્ર ઠાકોર*ના કેસમાં સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતોને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમા કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની

કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું માનવુ છે. જેથી સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

- આથી આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ-૧૨(અ) મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી  આરોપીને રૂ.૧૦૦/-(અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ  ભરવાનો તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૦૨(બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- સદરહુ ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ અંગે આરોપીએ નો-કલેઇમ પુરસીસ રજૂ કરેલ હોય, તે રકમ મુદ્દામાલ પાવતી અનુસાર સરકારશ્રીમાં જમા લેવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ  આકામે કબજે કરવામાં આવેલ અન્ય મુદ્દામાલનો નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીઓના જામીનખત રદ ગણવા.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ,**

**જેતપુર**

**UIC-GJ**01563.